ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G0









ખીલી પ્રકૃતિ - સુવિધા છલકાતાં મહાનગરની મધ્યમાં આવો અદ્દભૂત પ્રાકૃતિક વૈભવ મેળવનાર એકમાત્ર ગાંધીનગર ભાગ્યશાળી છે... પુનિતવનમાં જ્યારે પણ જઈએ ત્યારે પ્રકૃતિના અનોખા દર્શન આંખ અને મનને ઠારે છે... એમાય ઝરમર મેહુલિયો વરસતો હોય અને પ્રકૃતિના દર્શન કરવાની ઈચ્છા થાય તો ગાંધીનગરનો પ્રકૃતિ પ્રેમી પુનિતવન પહોંચી જાય છે... રવિવારની સવારની આ તાજી તસવીર ગાંધીનગરના કોલાહલ અને કાવાદાવાને ભૂલાવી દે છે... ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સરિતા ઉદ્યાન અને પુનિતવન આપણો જાજરમાન વારસો છે... ગાંધીનગરના નગરજનો માટે ખૂબ મોટું સદભાગ્ય છે કે, સુખ-સુવિધા તો છલોછલ છે જ પરંતુ પ્રકૃતિ પણ સોળે કળાએ ખીલીને નગર પર આશીર્વાદ વરસાવે છે... આવો સૌ સાથે મળી આ અમૂલ્ય વારસાનું જતન કરીએ... અને પર્યાવરણને સમતોલ બનાવીએ...

# ગુડાની વાવોલ, ઉવારસદ, વાસણા હડમતિયાની ટી.પી. સ્કીમ ૨૬ને મંજુરી

## માળખાગત સુવિધાના કામો સાથે વિકાસના અનેકવિધ પ્રોજેક્ટને વેગ મળશે : બિલ્ડર લોબીને પણ ફાયદો થશે

ગાંધીનગર તા ૫

ગુડાની વાસણા હડમતિયા વાવોલ ઉવારસદની ટી પી સ્કીમ નં -૨૬ ને મંજુરી આપી દેવાતા ગુડા વિસ્તારમાં વિકાસ કામોને વેગ મળશે. આ વિસ્તારમાં બાગ બગીચાઓ, સ્કુલ તેમજ રહેણાંકના આવાસો માટે જગ્યા ઉપલબ્ધ થશે. નવા કોર્મશિયલ પ્લોટ ઉપલબ્ધ થતા બિલ્ડરોને પણ ફાયદો થશે. આ વિસ્તારમાં વિકાસના અનેક વિધ કામોની સાથે માળખાગત સુવિધાઓ પણ અપગ્રેડ થશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી સુઆયોજિત નગરના અભિગમને વેગ આપવા અન્વયે ગુડાની ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૨૬ ને મંજુરી આપી છે. વાસણા હડમતિયા, ઉવારસદ વાવોલની અંદાજિત ૧૦૦ હકટર્સ વિસ્તારની ટી પી સ્કીમને મંજુરી આપી છે. આ ટી પી સ્કીમને મંજુરી અપાતા વિકાસને વેગ મળશે. આ ટી પી સ્કીમના અંતે જાહેર સુવિધા માટે અંદાજિત ૩૨૧૮૭ ચો મી જમીન બાગ બગીચા, તેમજ ખુલ્લી જગ્યા માટે ૩૪૭૩૮ ચો મી જમીન ઉપલબ્ધ થશે. જેમાં સ્કુલ નિર્માણ માટે ૧૨૯૬૫ ચો મી જમીન ઉપરાંત સામાજિત તેમજ આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે રહેણાંકના મકાનો નિર્માણ કરવા માટે ૧૨૭૪૬ ચોમી જમીન પ્રાપ્ત થશે. આ ઉપરાંત આંતર માળખાકીય સુવિધાઓ ને અનુલક્ષીને તેમજ વેચાણના હેતુ માટે પણ આશરે ૮૧૨૧ ચો મી જેટલા પ્લોટ સંપાદન થશે.

ગુડાની ડ્રાફ્ટ ટી પી સ્કીમ નં -૨૫ ને અગાઉ મંજુરી અપાયા બાદ હવે ટી પી સ્કીમ નં -૨૬ને પણ સરકારે ટુંકા સમયગાળામાં મંજુરી આપી દેતા ગુડા વિસ્તારમાં વિકાસના કામોને વેગ મળશે. બિલ્ડરલોબીનો પણ ફાયદો થશે. નવી સ્કીમો પણ અસ્તિત્વમાં આવશે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં શહેરમાં પણ વિકાસના અનેકવિધ પ્રોજેકટનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ગુડા વિસ્તારના ગામો પણ કોર્પોરેશનમાં ભળી જતા હવે શહેર તેમજ આસપાસના વિસ્તારમાં માળખાગત સુવિધાઓ અપગ્રેડ થવાની સાથે ગુડાના ટી પી વિસ્તારમાં પણ વિકાસના નવા આયામો સાકાર થતા જોવા મળશે.

# ગાંધીનગર મનપા દ્વારા આજે પાર્કિંગ માટેની નવી નીતિની ઘોષણા થશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાર્કિંગ પોલીસીનો આજે પ્રાથમિક મુસદ્દો જાહેર કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ગત સપ્તાહે જ જાહેર પાર્કિંગ પોલિસીને લઈ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપા દ્વારા જાહેર પાર્કિંગ પોલીસી તૈયાર કરતાં પૂર્વે અમદાવાદ અને સુરત મનપા દ્વારા તૈયાર કરવામાં આવેલ નીતિને આધાર બનાવી મુસદ્દો તૈયાર કર્યો છે.

શહેરમાં મનપા દ્વારા પાર્કિંગને લઈ પ્રથમવાર પોલીસી જાહેર કરવામાં આવી રહી છે. પાર્કિંગની પોલીસી જાહેર કર્યા પછી આ અંગે નગરજનો પાસેથી વાંધા-સૂચનો પણ મેળવવામાં આવશે અને ત્યારબાદ આ નીતિને આખરી કરી સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે અને ત્યારબાદ સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં આમેય જાહેર પાર્કિંગની વ્યવસ્થા જેવું કંઈજ છે નહિ અને આડેધડ પાર્કિંગ કરવામાં આવતુ જોવા મળી રહ્યુ છે. ઘ રોડ પર તો લોકો મુખ્ય માર્ગ પર વાહન પાર્ક કરી જતા જણાય છે. આ ઉપરાંત મોલ અને જાહેર સ્થાનો પર પણ પાર્કિંગની વ્યવસ્થા છે નહિ.

મનપા દ્વારા પાર્કિંગની નીતિ તૈયાર કરાયા પછી તેમાંથી આવકનો નવો સ્રોત પણ ઉભો થશે તેમ મનાઈ રહ્યુ છે. પાર્કિંગ માટેના દર જંત્રીના આધારે નિયત કરવામાં આવી શકે તેમ મનાઈ રહ્યુ છે.

દરમ્યાન રાજ્યના શહેરી વિકાસ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સુપ્રિમ કોર્ટની ટકોરના પગલે હરકતમાં આવેલ રાજ્ય સરકારે તાત્કાલિક આ અંગેની નીતિ તૈયાર કરી અને તેના પ્રાથમિક મુસદ્દાઓ પ્રસિદ્ધ કરવાની સૂચનાઓ આપી છે. રાજ્ય સરકાર દ્વારા આગામી બે સપ્તાહમાં આ મુદ્દે સુપ્રિમ કોર્ટમાં એફિડેવિટ પણ ફાઈલ કરવાની છે.

# યોજનાઓના અમલીકરણમાં વિસંગતતા જોઈ ગૃહમંત્રી અમીત શાહ ચોંકી ઉઠ્યા

## યોજનાના નોડલ ઓફિસરોની આજે કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કલ્યાણલક્ષી ૬૮ જેટલી યોજનાઓ અમલમાં છે તો અમદાવાદમાં આજ કલ્યાણલક્ષી યોજનાઓ ૭૬ જેટલી અમલમાં હોવાનું જાણી કેન્દ્રના ગૃહમંત્રી અને સાંસદ અમીત શાહ ચોંકી ઉઠ્યા હતા.

તેમણે તેમના વિસ્તારને આદર્શ સંસદીય મત વિસ્તાર બનાવવાનો સંકલ્પ કર્યો છે. તેમણે વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના અમલને લઈ ખાસ મોનીટરીંગ ટીમ પણ બનાવી છે. આ વાત તેમના ધ્યાને આવતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.

તેમણે તેમના સંસદીય મત વિસ્તાર માટે અમલી બનાવેલ દૃષ્ટિ પ્રોકજેક્ટ બાદ હવે કલ્યાણલક્ષી યોજનાઓના લાભાર્થીઓને તેમના લાભ પહોંચે તે માટે મોનીટરીંગ શરૂ કર્યુ છે. આ માટે નોડલ ઓફિસરોની પણ જિલ્લાતંત્રમાં નિયુક્તી કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ યોજનાઓના અમલમાં જ આટલી બધી વિસંગતતાઓનો ખ્યાલ આવતાં તેમણે સોમવારે જ કલેકટરના અધ્યક્ષપદે નોડલ ઓફિસરોની બેઠક યોજી અને કેમ શુ કારણો છે તેનો વિગતે અહેવાલ આપવા જણાવ્યુ છે.

છેલ્લા બે દિવસથી જિલ્લાના અધિકારીઓ આ માટે કવાયત કરી રહ્યા છે અને આજે કલેક્ટરની અધ્યક્ષતામાં મળનારી બેઠકમાં આ અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવશે.

જિલ્લામાં હાલ કેટલી યોજનાઓમાં કેટલી અમલવારી થઈ, ઓછી થઈ હોય તો તેના કારણો સાથેની વિગતો પણ લઈ આવવાની સૂચનાઓ હોવાનું જાણવા મળેલ છે.



જીવન સંદેશ... - આ તસવીર માત્ર જીવન નિર્વાહ માટે સતત અલગ-અલગ પ્રયોગો દ્વારા મનોરંજન પુરો પાડવાનો પ્રયાસ કરતા નટ-બજાણીયા પરિવારની છે... પરંતુ જીવનનું પણ આવું જ કંઈક છે... એક છેડેથી બીજે છેડે સમતોલપણું જાળવીને જવાનું હોય છે... ડગુંમગું થતાં જીવનને લક્ષ્ય સુધી પહોંચાડવાનું અઘરું છે... અને તેની જ મજા છે... એમ આ તસવીર બતાવે છે... જ્યારે આ નાનકડું શ્રમિક સંતાન દોરડા પર એક છેડેથી બીજા છેડે પહોંચે છે ત્યારે પ્રેક્ષકો તાલીઓ વગાડીને વધાવે છે... અને સાથે સાથે એના જીવનનિર્વાહ માટે યથાશક્તિ યોગદાન આપે છે... જીવનનો પણ આ જ સંદેશ છે... જ્યારે એક છેડેથી બીજા છેડે હેમખેમ પહોંચીશું ત્યારે સમાજ વધાવશે અને પરમતત્વ કૃપા વરસાવશે....

# સે. ૩૦ માંથી ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ મળી આવેલ છે. ત્રણ દિવસ બાદ કોરોનાનો કેસ મળી આવ્યો હોવાથી તંત્ર સતર્ક બની ગયુ છે.

ગાંધીનગર શહેરના સે. ૩૦ માંથી ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં ધીમી ગતિએ કોરોનાના કેસો મળવાના શરૂ થયા છે અને તંત્રએ પણ સતર્ક બની સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં હાલ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે જોવા પણ જણાવાયુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળી આવેલ દર્દી રાજ્ય બહારના પ્રવાસેથી પરત ફરેલ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં કેસો જે રીતે મળી રહ્યા છે તેને પગલે તાંત્રએ ટ્રેસીંગ ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિ અપનાવવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

# શહેરમાં ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલામતી જોખમાઈ

## રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ છતાં માર્ગ સલામતીના નામે મીંડુ : મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત થયા બાદ પણ બેફામ દોડતા વાહનો અકસ્માત સર્જે છે : મુખ્યમાર્ગો પર ક્રોસ પોઇન્ટ પણ બંધ કરાયા નથી

ગાંધીનગર તા ૫

શહેરમાં ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. શહેરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમછતા પૈડા પરની જિન્દગી જોખમી છે. માર્ગ સલામતીને અવરોધરૂપ બનતા પરિબળોને ડામવા કોઈ આયોજન કરવામાં આવતુ નથી. મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણનો અમલ થતો નથી બહારથી આવતા વાહનો બિન્દાસ્ત રીતે બેફામ દોડતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત થાય છે. મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ પણ ગતિ નિયંત્રણનો મુદ્દો હજુ રામભરોસે છે. મુખ્યમાર્ગો પર ક્રોસ પોઈન્ટ પણ માર્ગ અકસ્માત માટે જવાબદાર છે.

શહેરમાં ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલામતી જોખમાઈ છે. માર્ગો પર બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને યોગ્ય કરવા માટે અનેકવાર આયોજન કરવામાં આવ્યુ છે જયારે માર્ગ સલામતી સપ્તાહના અંતે પણ સલામતીના પરિબળો સંદર્ભે ચિંતા વ્યકત કરવામાં આવી છે. પરંતુ નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર અનેકવાર જાનલેવા અકસ્માત થાય છે. માર્ગ અકસ્માતનો સિલસિલો યથાવત છે. એકબાજુ શહેરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો સિકસલેન બની ગયા છે. જયારે ક્રોસ જંકશન પર અન્ડર પાસ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સેકટરોના એપ્રોચ માર્ગો પણ ફોરટ્રેક કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. દાયકાઓના અંતે હવે શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ પણ જબકતા જોવા મળે છે. પ્રારંભિક તબક્કાના અંતે વાહનચાલકો પણ હવે ટ્રાફિક સિગ્નલથી ટેવાઈ ગયા છે. પરંતુ શહેરમાં હજુ અકસ્માતોનુ પ્રમાણ યથાવત છે. પૈડા પરની જિન્દગી સલામત બને તે માટે સલામતીના પરિબળોની અવગણના થતી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. થોડા સમય અગાઉ ગતિ નિયંત્રણના કડક અમલની વાતો વચ્ચે બેફામ દોડતા વાહનચાલકોને ઈ મેમો પણ મોકલવાનુ શરૂ કરાયુ હતુ આમછતા હજુ શહેરના મુખ્યમાર્ગો પર વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાતુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૩૫૦ આંગણવાડીઓમાં આધુનિક રમકડાં બેન્ક ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની ૩૫૦ જેટલી આંગણવાડીઓમાં આધુનિક સુવિધાઓ સાથેની રમકડા બેન્ક ઉભી કરવામાં આવશે.

આમ તો જિલ્લામાં એક હજારથી વધુ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે પણ પ્રથમ તબક્કામાં ૩૫૦ આંગણવાડી કેન્દ્રોમાં આ બેન્ક ઉભી કરવામાં આવશે. ગાંધીનગર અને કલોલ તાલુકાની આંગણવાડીઓ આ માટે પસંદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ રમકડા બેન્કમાં રમકડા અંગે બાળકોને સમજ આપવા સાથે તેના શિક્ષણમાં મહત્વ સહિતની વાતો નાના ભૂલકાઓને સમજાવવામાં આવશે.

આ રમકડા બેન્કો ઔદ્યોગિક એકમોના સી.એસ.આર. ફંડમાંથી ઉભી કરવામાં આવશે તેમ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જો કે હાલ તો આ બેન્ક બનાવવા માટેની પ્રાથમિક કવાયતો લગભગ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.

રમકડા બેન્ક તો આમ તો આંગણવાડીઓમાં ચાલે છે પરંતુ તેમાંના ઘણા બધા રમકડા તુટી ગયા છે. જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી શાળા પ્રવેશોત્સવ યોજાયો ન હોવાથી નવા રમકડાની ભેટ પણ મળી નથી. આ આધુનિક રમકડા બેન્કમાં દેશી બનાવટના રમકડાને પ્રાધાન્ય આપવામાં આવશે એટલુ જ નહિ તે શૈક્ષણિક કાર્ય માટે પણ પૂરક બની રહે તે રીતે તેની જાળવણી અને નિભાવણી કરવામાં આવશે.

નાના ભૂલકાંઓ માટે આંગણવાડી કેન્દ્રોમાં રમકડા બેન્ક હોવી જોઈએ તેવો વિચાર તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો હતો. આ પછી પ્રવેશોત્સવ વખતે આ રમકડાઓની ભેટ આ કેન્દ્રોને મળતી હતી જે નોંધનીય છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

# સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોના રીનોવેશન પાછળ ૨૧ કરોડનો ખર્ચ

## સેકટરોમાં તબક્કાવાર આવાસોના મજબુતીકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે : સર્વેના અંતે જુદી જુદી કક્ષાના આવાસોને રીનોવેશન હઠળ આવરી લેવા આયોજન કરાયું

ગાંધીનગર તા ૪

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. સેકટરોમાં સ્થિત આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે એકબાજુ તબક્કાવાર જુના અને જર્જરિત મકાનો તોડવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જુના મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. ખુલ્લી જગ્યામાં નવા આવાસો બનાવવા માટે આગામી દિવસોમાં કાર્યયોજના આખરી કરાશે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ સેકટરોમાં તબક્કાવાર કર્મચારીઓના વસવાટ માટે જુદી જુદી કક્ષાના સરકારી આવાસો બાંધવામાં આવ્યા હતા. જયારે ચાર દાયકાથી વધુ સમયના અંતે આ પૈકી મોટાભાગના મકાનો જોખમી જોવા મળી રહ્યા છે. જેના લીધે હાલ કર્મચારીઓને આવાસ ફાળવવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બની રહ્યુ છે. સેકટરોમાં એકબાજુ જુના આવાસો તોડવાની સાથે નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. ટાવર કોલોનીના નિર્માણની સાથે કેટલાક આવાસોને મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવાયા છે. આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે કર્મચારીઓને રહેણાંકના આવાસ ફાળવવા માટે સેકટરોમાં જે મકાનોને રીનોવેશન હેઠળ આવરી લેવાય તેવા હોય તે મુજબ આવાસોના મજબુતીકરણનુ કામ પણ હાથ ધરાયુ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૫૦૦ થી વધુ મકાનોનુ મજબુતીકરણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. તબક્કાવાર સેકટરોમાં જોખમી કક્ષામાં ન આવતા હોય તેવા આવાસોની સુધારણા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જુદી જુદી કક્ષાના આવાસોના રીનોવેશનના અંતે તંત્રના ચોપડે સ્થિત આવાસ સંદર્ભેની પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com